આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૫૫ | ૮ માર્ચ, ૨૦૧૪, શનિવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


સંપત્તિ તમારા સદ્‌ગુણોને ન લૂંટે એ માટે વિવેક અને ત્યાગને તમારી બુદ્ધિના ચોકિયાત બનાવો
- અખંડ આનંદ

# ગાંધીનગરના પાદરે કેજરીવાલને અટકાવાયા

## સરગાસણ ચાર રસ્તે ભાજપના કાર્યકરોએ કાળા વાવટા ફરકાવી સૂત્રોચ્ચાર કર્યા : કેજરીવાલને સરગાસણ ઉભા રાખી દઈ મનિષ સિસોદીયાને મોદી પાસે સમય માંગવા લઈ જવાયા પરંતુ મોદીએ સમય ન આપ્યો

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં થતો ભ્રષ્ટાચાર તથા વિકાસના બણગા ફુંકતા મુખ્યમંત્રી મોદી સમક્ષ વિકાસની પોલ ખોલવા ૧૬ મુદ્દાઓ સાથે સવારે ગાંધીનગર આવી પહોંચેલા આમ આદમી પાર્ટીના વડા તથા દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પોલીસે ગાંધીનગર પ્રવેશવા જ ન દીધા. સરગાસણ ચોકડી પાસે કેજરીવાલના કાફલાને અટકાવી દઈ સવા કલાક ગરમીમાં રસ્તા વચ્ચે કાફલો ઉભો કરી દેવાયો હતો. મનિષ સિસોદીયા સમય માંગવા સ્વર્ણિમ સંકુલ ગયા પરંતુ મોદીએ સમય જ ન આપતા ગાંધીનગરના પાદરેથી કેજરીવાલ પાછા ફર્યા હતા.

અરવિંદ કેજરીવાલે ગુજરાતના વિવિધ જિલ્લાઓના ગામેગામ ફરીને લોકો પાસેથી વિગતો એકઠી કરી છે. કેજરીવાલનું કહેવું છે કે ગુજરાતમાં માત્ર વિકાસની વાતો જ થઈ રહી છે. કોઈ વિકાસ નથી. કાળા વાવટા ફરકાવી રહેલા એક વ્યક્તિને કેજરીવાલે પુછ્યું કે કેમ કાળા વાવટા ફરકાવો છો? તો તેણે કહ્યું કે ગુજરાતમાં આટલો વિકાસ છે તો તમને દેખાતો નથી? ગુજરાતના રસ્તાઓ જુઓ..! કેજરીવાલે કહ્યું હાઈવે તથા મુખ્ય માર્ગો સારા છે પરંતુ ગામડાઓની સ્થિતિ શું છે? બીજો ક્યાં વિકાસ થયો છે? કાળા વાવટા ફરકાવી રહેલા વ્યક્તિને બીજો વિકાસ ક્યાં થયો છે તે વિચારતા પાંચ મિનિટ લાગી હતી તેવો વિકાસ ગુજરાતમાં થયો છે. સરગાસણ સર્કલ પાસે કેજરીવાલનો કાફલો આવ્યો ત્યારે રેન્જ ડીઆઈજીપી, ડીએસપી સહીત ગાંધીનગર એસઓજી, એલસીબી તથા સ્થાનિક પોલીસની ટીમનો કાફલો સર્કલે તૈનાત હતો. કાફલાને ગાંધીનગર પ્રવેશવા જ ન દીધો. અને કેજરીવાલની ગાડીને રોકી દઈ મનિષ સિસોદીયાને સ્વર્ણિમ સંકુલ ખાતે મોદીને મળવા સમય મેળવવા લઈ જવામાં આવ્યા હતા. સવા કલાક સુધી અરવિંદ કેજરીવાલને સરગાસણ ચોકડી ગરમીમાં ઉભા રખાયા તેમ છતાં મોદીનો સમય તો ન જ મળ્યો..! કેજરીવાલને જોવા આસપાસના વિસ્તારમાંથી ૫૦૦ થી વધુ લોકોનું ટોળુ એકઠુ થઈ ગયું હતું. ત્યાં તિખળ પણ થઈ હતી કે મોદી સાહેબ અમિતાભ બચ્ચન સાથે કહેવડાવે છે કે 'કુછ દિન ગુજારો ગુજરાત મે' અને કેજરીવાલ મહેમાન બનીને ગુજરાત આવ્યા તો પથ્થરમારો કરીને અતિથિનું સ્વાગત થયું ! સવા કલાક તડકામાં ઉભા રાખ્યા તેના કરતાં ક્યાંક હોટલમાં શાંતિથી બેસાડીને જમાડ્યા હોત તો અતિથિ સારા મેસેજ લઈને ગુજરાતમાંથી જાત..! સવા કલાક કેજરીવાલ સરગાસણ ચોકડી ઉભા રહ્યા ત્યાં સુધીમાં ભાજપના કાર્યકરો તથા ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ પણ સરગાસણ આવી પહોંચ્યા હતા. પોલીસની હાજરીમાં આચારસંહિતા લાગી ગઈ હોવા છતા ભાજપના કાર્યકરોએ કાળા વાવટા ફરકાવી કેજરીવાલ સામે સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. કેજરીવાલને મોદીએ સમય ન આપતા મોદી ગમે ત્યારે સમય આપશે ત્યારે દિલ્હીથી મળવા આવીશ તેમ કેજરીવાલે જણાવ્યું હતું.

### મોદી જ્યારે સમય આપશે ત્યારે હુ દિલ્હીથી આવીશ : કેજરીવાલ

ગાંધીનગર ખાતે મોદીને મળવા આવેલા કેજરીવાલને મોદીએ સવા કલાક રોડ પર બેસાડી રાખી સમય જ ન આપતા ગુજરાતના ભ્રષ્ટાચાર સહિત વિકાસના પોકળ દાવાઓ વાળા ૧૬ મુદ્દાઓ વિશે ચર્ચા કરવા મોદી જ્યારે પણ સમય આપશે ત્યારે દિલ્હીથી મળવા માટે ગાંધીનગર આવીશ તેમ અરવિંદ કેજરીવાલે જણાવ્યું છે.



(તસવીર : દિપક જાની)








મુસ્કાન જન્મથીજ સાંભળી નહોતી સકતી પણ હવે, કોક્લિયર ઈમ્પ્લાંટ દ્વારા સામાન્ય રીતે સાંભળી તેમજ બોલી શકે છે.

**બહેરા લોકો માટે કોક્લિયર ઈમ્પ્લાંટ એક વરદાન છે**

સારવાર માટે કોક્લિયર ઈમ્પ્લાંટ વિશ્વભરમાં એક જાણીતું યંત્ર છે.

**નારાયણી સ્પીચ હીયરીંગની કોકલીયર ઈમ્પ્લાંટ સ્પેશ્યાલીસ્ટ ટીમ દ્વારા**

**મફત માર્ગદર્શન કેમ્પ**

તારીખ : ૦૯-૦૩-૨૦૧૪ : સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦

સ્થળ : નારાયણી સ્પીચ એન્ડ હીયરીંગ ક્લીનીક
૧૦૭૮/૨, સેક્ટર - ૭સી, એસ.ટી. સ્ટેન્ડ સામે, ગાંધીનગર ૩૮૨૦૦૭

વધારે માહિતી તેમજ રજીસ્ટ્રેશન માટે સંપર્ક
ફોન : 079-23230055

**નારાયણી સ્પીચ એન્ડ હીયરીંગ ક્લીનીક**
**કોકલીયર ઈમ્પ્લાંટ સેન્ટર**

ડૉ. જીગ્નેશ રાજવીર : ઈએનટી સર્જન
ડૉ. અમીત આનંદ : ઓડીયોલોજીસ્ટ અને સ્પીચ થેરાપીસ્ટ



**Requirement**

A Leading landscaping firm based at Gandhinagar require an "ACCOUNTANT" with command of English Language (Spoken and Written), Excel & Telly. Should have analytical skills and a minimum of 2-3 years of work experience. Only Gandhinagar and near by people must apply. Salary as per capability. Please send yor resume to hr@ssgpl.com



## હાર્દિક અભિનંદન



**વિક્રમસિંહ સરદારસિંહ ગોલ**
પ્રમુખશ્રી, જીલ્લા રાજપૂત સમાજ, ગાંધીનગર



**મહેન્દ્રસિંહ રાણા**
મેયરશ્રી મહાનગરપાલિકા



**અશોકભાઈ પટેલ**
ધારાસભ્યશ્રી ગાંધીનગર (ઉત્તર)



**જશુજી પરમાર**
સદસ્ય, તાલુકા પંચાયત રાંધેજા



**કમલેશસિંહ વેરૂજી ગોલ**
સરપંચશ્રી વાવોલ ગામ



**રણવીરસિંહ રાઠોડ**
યુવા પ્રમુખ ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ

**ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ અને વાવોલના અગ્રણીશ્રી વિક્રમસિંહ સરદારસિંહ ગોલ અને વાવોલના સરપંચશ્રી કમલેશસિંહ વેરૂજી ગોલના નેતૃત્વમાં ૩૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા.**
**અમે સૌને આવકારીએ છીએ અને અભિનંદન પાઠવીએ છીએ...**

- બ્રહ્મસમાજ - વાવોલ / ગાંધીનગર
- રાજપૂત સમાજ - વાવોલ / ગાંધીનગર
- મુસ્લિમ સમાજ - વાવોલ / ગાંધીનગર
- પટેલ સમાજ - વાવોલ / ગાંધીનગર
- ઠાકોર સમાજ - વાવોલ/પુન્દ્રાસણ, ઉવારસદ, ટીંટોડા, આદરજ, ભોયણ
- બારોટ સમાજ - કાકાનું તારાપુર
- રાવલ સમાજ - ગાંધીનગર ● પ્રજાપતિ સમાજ - વાવોલ
- દંતાણી સમાજ - વાવોલ/ગાંધીનગર

**ભાજપ પરિવાર આપ સૌને હૃદયપૂર્વક આવકારે છે.**

લિ.

- રસિકભાઈ મણીલાલ પટેલ (રાંધેજા)
- બળદેવભાઈ બાપુદાસ પટેલ (સરપંચશ્રી, રાંધેજા)
- જીલુજી લક્ષ્મણજી પરમાર (રાંધેજા)
- શ્રી કુળદેવી જ્વેલર્સ (રાંધેજા)
- અર્જુનસિંહ બચુજી પરમાર (રાંધેજા)
- પોપટલાલ ચીમનલાલ વ્યાસ (રાંધેજા)
- રમેશભાઈ કે. પટેલ - ખોરજ, એસ.જી. હાઈવે
- બાબુસિંહ ગેમરસિંહ ચૌહાણ - ખોરજ, એસ.જી. હાઈવે
- નંદુભાઈ રમણભાઈ પટેલ (ભગત) તા.પં. ઉપપ્રમુખ
- લાલજીભાઈ ગોવાભાઈ દેસાઈ (રાંધેજા)
- ભવાની મેડીકલ સ્ટોર્સ (રાંધેજા)
- દલાજી બબાજી ટાંક (રાંધેજા)
- પ્રવિણભાઈ ચતુરભાઈ પટેલ (રાંધેજા)
- રણજીતસિંહ બળવંતજી પરમાર (રાંધેજા)
- ધર્મપાલસિંહ એમ. રાણા
- સતિષભાઈ બળદેવભાઈ ઠક્કર


## લોકસભાની ચૂંટણી-૨૦૧૪

### મતદારયાદીમાં નામ ન હોય તો નોંધાવવા માટેની એક વધુ તક

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને ગુજરાતની સાત વિધાનસભા મતવિભાગોની પેટાચૂંટણીઓ ગુજરાતમાં તા. ૩૦-૪-૨૦૧૪ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં મતદાન કરવા માટે મતદારયાદીમાં નામ હોવું અનિવાર્ય છે. આખરી મતદારયાદી તા. ૩૧-૧-૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે. આ મતદારયાદીમાં આપ આપનું નામ ચકાસી લો તે જરૂરી છે. જો આપનું નામ મતદારયાદીમાં ન હોય તો તે નોંધાવવા માટે ચૂંટણી પંચના **મતદારયાદીની સતત સુધારણાના કાર્યક્રમ** અન્વયે આપ આપનું નામ મતદારયાદીમાં હજુ પણ નોંધાવી શકો છો.

**તા. ૯-૩-૨૦૧૪, રવિવારના રોજ ચૂંટણી પંચે, મતદારયાદીમાં નામ નોંધાવવા માટે ખાસ ઝુંબેશ રાખેલ છે. આ દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ નામ નોંધાવવા માટેનું નિયત ફોર્મ નં.-૬ મેળવી શકશો અને આ ફોર્મ તે જ સ્થળે પરત આપી શકશો.**

આ માટે :-

- તા. ૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- જો આપનું મતદાર ઓળખકાર્ડ (EPIC) ખોવાઈ ગયેલ હોય અને આપ ડુપ્લીકેટ ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો જિલ્લા તથા તાલુકા મથક ખાતેના 'મતદાર સુવિધા કેન્દ્ર' ખાતેથી નિયત ફી ચૂકવીને મેળવી શકશો. આ ઓળખકાર્ડ જો આપનું નામ મતદારયાદીમાં હશે તો જ કાઢી આપવામાં આવશે. મતદારયાદીમાં જે નામ અને વિગતો હશે તે પ્રમાણેનું જ કાર્ડ કાઢી આપવામાં આવશે.

*ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી તથા જિલ્લા અને તાલુકાના મુખ્ય મથક ખાતેના 'મતદાર સુવિધા કેન્દ્ર'માંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat.nic.in ઉપરથી પણ આપ ડાઉનલોડ કરી શકશો. આ વેબસાઈટ ઉપર આપ આપનું નામ પણ ચકાસી શકો છો.*

### હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએથી epic<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૯૨૨૭૫૦૦૯૫૮ નંબર પર જીસ્જી મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે. અને તે જ પ્રમાણે blo<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી જીસ્જી મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

### યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ લખત અથવા એક કરતાં વધારે મતદાર વિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો**

**અથવા આપના જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે નીચે જણાવેલ ફોન નંબર ઉપરની હેલ્પલાઈન ઉપર સવારના ૧૦-૩૦ થી સાંજે ૬-૦૦ દરમિયાન ફોન કરીને મેળવી શકશો.**

| જિલ્લાનું નામ | ફોન નંબર | જિલ્લાનું નામ | ફોન નંબર | જિલ્લાનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૦૨૮૩૨-૨૫૪૦૨૪ | જામનગર | ૦૨૮૮-૨૫૪૧૪૪૧ | પંચમહાલ | ૦૨૬૭૨-૨૪૧૨૮૮ |
| બનાસકાંઠા | ૦૨૭૪૨-૨૫૧૭૦૭ | દેવભૂમિ દ્વારકા | ૦૨૮૩૩-૨૩૩૦૦૩ | દાહોદ | ૦૨૬૭૩-૨૩૯૨૩૧ |
| પાટણ | ૦૨૭૬૬-૨૨૭૧૦૦ | પોરબંદર | ૦૨૮૬-૨૨૨૦૧૦૦ | વડોદરા | ૦૨૬૫-૨૪૨૦૦૦૦ |
| મહેસાણા | ૦૨૭૬૨-૨૨૦૪૨૩ | જૂનાગઢ | ૦૨૮૫-૨૬૩૩૨૫૯ | છોટા ઉદેપુર | ૦૨૬૬૯-૨૩૩૦૧૬ |
| સાબરકાંઠા | ૦૨૭૭૨-૨૪૩૭૦૦ | ગીર સોમનાથ | ૦૨૮૭૬-૨૪૦૦૦૬ | નર્મદા | ૦૨૬૪૦-૨૨૦૬૩૪ |
| અરવલ્લી | ૦૨૭૭૪-૨૪૭૮૧૨ | અમરેલી | ૦૨૭૯૨-૨૩૪૦૦૧ | ભરૂચ | ૦૨૬૪૨-૨૬૦૧૮૨ |
| ગાંધીનગર | ૦૭૯-૨૩૨૫૧૨૪૩ | ભાવનગર | ૦૨૭૮-૨૫૧૨૧૧૧ | સુરત | ૦૨૬૧-૨૪૬૨૮૦૦ |
| અમદાવાદ | ૦૭૯-૨૭૫૫૯૦૦૦ | બોટાદ | ૦૨૮૪૯-૨૩૧૩૦૮ | તાપી | ૦૨૬૨૬-૨૨૧૧૮૫ |
| સુરેન્દ્રનગર | ૦૨૭૫૨-૨૮૪૩૩૩ | આણંદ | ૦૨૬૯૨-૨૬૨૨૯૫ | ડાંગ | ૦૨૬૩૧-૨૨૦૨૭૨ |
| મોરબી | ૦૨૮૨૨-૨૪૬૧૦૧ | ખેડા | ૦૨૬૮-૨૫૫૩૦૪૪ | નવસારી | ૦૨૬૩૭-૨૮૦૦૩૩ |
| રાજકોટ | ૦૨૮૧-૨૪૫૦૬૭૧ | મહિસાગર | ૦૨૬૭૪-૨૫૨૧૬૫ | વલસાડ | ૦૨૬૩૨-૨૪૩૩૭૬ |

***આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે છતાં પણ મતદારયાદીમાં નામ ન હોય તે શક્ય છે તેથી જો આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં નામ ન હોવાના કારણે આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ અવશ્ય ચકાસી લો કે જેથી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને વિધાનસભાની પેટાચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.***

માહિતી/૨૮૯૭/૧૩-૧૪ - મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય